P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ NO 0 3 8 તારીખ: 27 FEB 2019

27 FEB 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

રામાભાઈ વંકા રબારી,
હાઉસ નંબર-૧.૪૩.૩ સુરજપર
ગામ-ભારાપર-ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૮૨૫૩૧૧૦૩૯

વિષય :- કેસ નંબર પીજી૦૪/૦૦૩/૨૦૧૮-૧૯

સંદભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૩/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, દહીંસરા

....... ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્માંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


27 FEB 2019

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ NO 0 3 8 તારીખ: 27 FEB 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-003-2018-19.

અરજદાર: શ્રી રામા વંકા રબારી
ગામ-ભારાપર,જિલ્લો-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી સુનાવણી દરમ્યાન હાજર રહેલનથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી

રજૂઆત કરનાર: (૧) શ્રી એ એસ ગુરવા,કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,માંડવી

## :: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૫/૦૧/૨૦૧૯

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રામા વંકા રબારી દ્વારા પીજીવીસીએલ ઓફિસમાં કોઇપણ જાતનું લેણું બાકી નથી, સમયસર નાણાં ભરપાઈ કરેલ તેમછતાં કનેક્શન કાપવામાં આવેલ અને કનેક્શન બંધ કરવામાં આવેલ છેઆ બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.




Scanned by CamScanner

૧.૧ અરજદારશ્રીની રજૂઆત છે કે. તેમનું ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં- ૩૯૦૧૦/૧૦૬૪૬/૨ થી ધરાવે છે. જેમાં તેઓશ્રીના કોઇપણ બાકી લેણાં હશે તો તે જ સમયે ભરપાઈ કરવા રાજી છે.

૧.૨ અરજદારશ્રી રામા વંકા રબારી દ્વારા પીજીવીસીએલ ઓફિસએ જેતે વખતે તમામ ખરાઈ તેમજ જમીન નિરીક્ષણ અનેસ્થળ નિરીક્ષણ કરેલ ત્યારબાદ વિજજોડાણ આપેલ. તેમજ કોઇપણ જાતનો વાદવિવાદ રહેલો નથી અને લેણું પણ બાકી નથી.

૧.૩ અરજદારશ્રી રામા વંકા રબારી દ્વારા સત્વરે રજુઆત કરેલ કે વીજજોડાણ કોઇપણ લેણું કે અન્ય કોઇપણ ખામી ન હોવા છતાં કનેક્શન બંધ કરવામાં આવેલ છે.

૧.૪ અરજદારશ્રી રામા વંકા રબારીદ્વારા સત્વરે વીજજોડાણ કાપવામાં આવેલ અનેબંધ કરવામાં આવેલ છે. જે વીજજોડાણ ફરીથી જોડી આપવા માટે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રામા વંકા રબારી રહે. ભારાપર મુકામે ગ્રાહક નં. ૩૯૦૧૦/૧૦૬૪૬/૨થી ખેતી વિષયક વીજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી ગ્રાહક નં ૩૯૦૧૦/૧૦૬૪૬/૨ વાળું ખેતીવિષયક વીજજોડાણ ગેરકાયદેસર અને કાનુની પ્રક્રિયા વગર વીજજોડાણ બંધ કરેલ છે જે અંગે ફરીયાદ કરેલ છે.

૨.૨ સદર વીજજોડાણમાં જમીનના વિવાદને કારણે હંગામી ધોરણે બંધ કરવામાં આવેલ.

૨.૩ સદર વીજજોડાણ જમીનના વિવાદનુ નિરાકરણ થઈ જતાં હાલમાં આ વીજજોડાણ ચાલું. કરી આપવામાં આવેલ છે.

૨.૪ સદર વીજજોડાણફરીથી જોડાણ અત્રેની કચેરી દ્વારા તા- ૦૮.૦૧.૨૦૧૯ ના રોજ પૂર્ણ કરાયેલ છે.

૨.૫ હાલમાં સદર ખેતી વિષયક વીજજોડાણ જે કાપવામાં આવેલ અંને બંધ કરી દેવામાં આવેલ તે ફરીથી જેડેલ છે અનેસદર કામગીરી નિયમ પ્રમાણે થઈ ગયેલ છે..

## :: હુકમ ::

3.0 સદર ફરિયાદના અનુસંધાને કન્વીનર દ્વારા તા. ૨૫.૦૧.૨૦૧૯ના રોજ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં ઉપસ્થિત રહેવાની અગાઉથી જાણ કરવા છતાં અરજદાર આ તારીખે ફોરમમાં ઉપસ્થિત રહેલ નથી.

૩.૧ પીજીવીસીએલના અધિકારીઓ તા.૨૫.૦૧.૨૦૧૯ ના રોજ ફોરમ સમક્ષ ઉપસ્થિત રહેલ છે. તથા ઉપર દર્શાવ્યા મુજબની લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે.



Scanned by CamScanner

૩.૨ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા ગ્રાહક નં ૩૯૦૧૦/૧૦૬૪૬/૨ વાળું ખેતીવિષયક વીજજોડાણ ગેરકાયદેસર અને કાનુની પ્રક્રિયા વગર વીજજોડાણ બંધ કરેલ છે, તેનીવિગતવાર યોગ્ય સમજ આપવામાં આવેલ..

3.3 અરજદારને નાયબ ઈજનેર દહીંસરા દ્વારા યોગ્ય સમજ આપતાં અરજદાર સંમત થયેલ.

૩.૪ અરજદારને ખેતીવિષયક વીજજોડાણ કે બંધ કરવામાં આવેલ તે ચાલુ કરી આપવામાં આવેલ છે અને વિગતવાર સમજણ આપવામાં અને અરજદારશ્રીસહમત થયેલ હતા.

૩.૫ નાયબ ઈજનેર દહીંસરા સાથે ચર્ચા થયા મુજબ સદર બંધ કરવામાં આવેલ છે તે ફરીથીચાલુ કરી આપવામાં આવેલ છે.

૩.૬ આમ. અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ દહીંસરા સબ ડીવીઝનમાં તા. ૦૮/૦૧/૨૦૧૯ ના રોજ સમાધાનપત્ર(પુરશીશ) આપવામાં આવેલ છે તથા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

૩.૭ આમ. અરજદારની ફરિયાદનું નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ વિશેષ હુકમ નથી. આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi.N.H.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જી.બી. પારેખ)
ચેર પર્સન

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, કચ્છ

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Certified Copy

CGRF, PGVCL, BHUJ

PG-02-003-2018-19

Scanned by CamScanner